જીવ દયા.

છપાવી પ્રગટ કર્તા

મોતીચંદ ગુલાબચંદ ઝવેરી.

ગોપીપુરા—સુરત.

ધી સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં મઢુભાઇ ભાઇદાસે

છાપી ખપાટીયા ચકલા—સુરત.

INFIRMARY FOR THE POOR.

પંગુલાશ્રમ.

ઠા. ખાન બહાદુર અરદેશર કોટવાલની વાડી

રામપુરાને નાકે-સુરત.

અહિંસા.

ઋષિ પતંજલિ લખે છે કે मैत्री करुणा मुदितो पेक्षाणां सुखं दुःखं पुण्यापुण्य विषयाणां भावना ततश्चित्त प्रसादनम्

સાધકે સુખી મનુષ્ય વિષે મૈત્રિ કરવી દુઃખી વિષે કરૂણા કરવી. પુણ્યશાળી વિષે મુદિતા (પ્રીતિ) અને પાપી વિષે ઉપેક્ષાની (ઉદાસીનપણું) ભાવના કરવી. આપણા શાસ્ત્રમાં દયાનું માહાત્મ્ય ઘણુંજ વર્ણવેલું છે. કહ્યું છે કેઃ—

प्राणा यथात्मनोऽभीष्टा भूतानामपि ते तथा ।
आत्मौपम्येन भूतानां दयां कुर्वीत मानवः ॥

આપણો પ્રાણ જેવો આપણને પ્રિય છે તેવોજ પ્રાણી માત્રને પોતાનો પ્રાણ પ્રિય હોય છે. આપણને કંઇ દુઃખ થાય છે ત્યારે આપણે પોકાર કરી ઉઠીએ છીએ તેવુંજ અન્યને દુઃખ થવાથી તે પણ પોકાર કરી ઉઠે છે એવું જે જાણે છે તે પછી કોઇને પીડા આપે ખરો? અગ્નિપર હાથ મૂકવાથી જેવી રીતે આપણે દગ્ધ થઇએ છીએ તેવી રીતે બીજા પણ દગ્ધ થાય છે એવું જે જાણે છે તે બીજાને

અગ્નિપર હાથ મૂકવાનું કહે ખરો ? જેવી રીતે આપણે વિષ ખાવાથી મૃત્યુને પ્રાપ્ત થઇ છીએ, તેવી રીતે અન્ય પણ વિષ ખાવાથી મૃત્યુ પામે છે, એવું જે જાણે છે તે અન્યને વિષ ખાવાનું કહે ખરો ? જેના અંતઃકરણમાં દયાનું ઝરણું વહે છે તે પર દુઃખે દુઃખી અને પર સુખે સુખી રહે છે. સામાનું દુઃખ જોઇ દયાળુ મનુષ્યનું હૃદય અગ્નિથી ઘૃતની માફક પીગળી જાય છે, અને તેથી તે દુઃખી પ્રાણીને બનતી સહાયતા કરવા ચૂકતો નથી. દયા એ એક નિર્મલ, ચિત્તાકર્ષક, પ્રેમ પ્રસારક, ઉપશમવર્ધક સરિતા છે, અને એમાં નિત્ય સ્નાન કરતાં દયાળુ મનુષ્યના હૃદયમાં અપૂર્વ આલ્હાદની પ્રાપ્તિ થાય છે. દયા એ એક અમૂલ્ય, વિદ્યુતવત્ પ્રકાશિત ખાણ છે. એમાં પ્રવેશ કરી મનુષ્ય ધર્મરૂપી અત્યુત્તમ રત્નનો સંગ્રહ કરે છે. દયા એ એક મનોહર, અતિ મૃદુલવેલી છે. નીતિ રૂપી અનેક પુષ્પો કે જે એ વેલીમાંથી ઉત્પન્ન થાય છે તેના સુવાસથી દયાળુ મનુષ્યનું મન અત્યંત પ્રફુલ્લિત થાય છે. કમલમાં કોમલતા, ચન્દ્રમાં શીતલતા, હીરામાં ચળકાટ, સમુદ્રમાં ગાંભીર્ય, મેરૂમાં સ્થિરતા, તથા માલતીમાં જેમ સુગંધ સ્વાભાવિક રીતેજ રહેલ છે તેમ પરોપકાર કરવાનો ગુણ દયાળુ મનુષ્યમાં સ્વાભાવિક રીતેજ રહેલો છે. દયાળુ મહાત્મા

ઇચ્છે છે કે "સર્વે પ્રાણી સુખી થાઓ. વેરરહિત થાઓ, કલ્યાણને પ્રાપ્ત થાઓ. જન્મ મરણના ફેરામાંથી છુટા થાઓ." શાસ્ત્ર તેમજ મહાત્માના બોધથી જેનું હૃદય માખણ જેવું નરમ બની ગયું છે તે કદી કોઇને પીડા આપે ખરો? જેણે અમૃતનો સ્વાદ ચાખ્યો હોય તે કદી વિષને ઇચ્છે ખરો? જેના હાથમાં ચિંતામણિ આવ્યો હોય તે તેનો ત્યાગ કરી પાષાણને ગ્રહણ કરે ખરો? દરેક મનુષ્ય વિષે કરૂણાની ભાવના કરવાથી વેર બુદ્ધિ જતી રહે છે. શું જ્યાં અગ્નિ પ્રકટે છે ત્યાં ટાઢ રહે છે ખરી? વેર બુદ્ધિ જતી રહેવાથી દ્વેષરૂપી મલ પણ નષ્ટ થઇ જાય છે. અને જ્યાં દ્વેષરૂપી મલ નષ્ટ થયો ત્યાં પુરૂષ કૃતકૃત્ય થાય એમાં આશ્ચર્ય શું?

પ્રશ્ન. હિંસા શું ને અહિંસા શું તે જરા સમજાવશો?

ઉત્તર. શા માટે નહિ; સાંભળો. હિંસા ત્રણ પ્રકારની થાય છે. માનસિક વાચિક. ને કાયિક. આનું ઘર બળી જાઓ, સ્રી પુત્ર મૃત્યુ પામો, પૈસાનો નાશ થાઓ, એ રોગથી હંમેશાં પીડા પામો, આવી રીતે મનમાં કોઇ પણ મનુષ્યનું બુરૂં તાકવું એ માનસિક હિંસા છે. તું મૂર્ખ છે, જંગલી છે, નીચ છે, લંપટ છે, તને કશું આવડતું નથી. રાસભ જેટલી પણ તારામાં બુદ્ધિ નથી. આટલાં વર્ષ કુતરાને ઘાલ્યાં આવી રીતે કઠોર વાણી બોલી

સામાની લાગણી દુઃખવવી એ વાચિક હિંસા છે. અને કોઈ પણ પ્રાણીનો પ્રાણ લેવો એ કાયિક હિંસા છે. વ્યાસ ભાષ્યમાં કહ્યું છે કે

तत्रा हिंसा सर्वथा सर्वदा सर्वदाभूतानाम नभिद्रोहः

-યાજ્ઞવલ્કય સ્મૃતિમાં કહ્યું છે કે-

कर्मणा मनसा वाचा सर्वभूतेषु सर्वदा
अक्लेश जननं प्रोक्त महिंसा त्वेन योगिभिः

શરીરથી થતાં કર્મ કરીને મન વડે તથા વાણીવડે સર્વ પ્રાણી વિષે સર્વ કાળે કલેશની ઉત્પત્તિ ન કરવી તેનેજ યોગીઓ અહિંસા કહી વર્ણવે છે.

પ્રશ્ન. અહો સનાતન ધર્મમાં અહિંસાનું સ્વરૂપ તો ઘણુંજ ઉત્તમ કહ્યું છે. પરંતુ આજ કાલ તો લોકો પારકાનું ખુરૂ તાકી અથવા ગમે તેવા શબ્દો કહી સામાનું હૃદય વીંધિ નાંખે છે એ આશ્ચર્ય છે!

ઉત્તર—ધર્મનું ખરૂં સ્વરૂપ નહિ સમજાયાથી મનુષ્ય ફેરફેરાઈ જાય છે. અહિંસાનું વાસ્તવિક સ્વરૂપ તો મેં કહ્યું તેજ છે. પરંતુ એવી ઉત્તમ અહિંસા પાળનાર તો હજારોમાં કોઇકજ હોય છે.

પ્રશ્ન. શું અહિંસા સર્વથી શ્રેષ્ઠ છે? શાસ્ત્રકારો

અહિંસાની વારંવાર પ્રશંસા શા માટે કરે છે!

જુઓ મહર્ષિ પતંજલિ યમ ગણાવે છે તેમાં અહિંસાને પ્રથમ સ્થાને મૂકે છે.

तत्राहिंसा सत्यास्तेय ब्रह्मचर्याऽपरिग्रहायमाः

વળી જુઓ યાજ્ઞવલ્ક્ય મુનિ પણ અહિંસાને પ્રથમ સ્થાને મૂકે છે.

अहिंसा सत्यमस्तेयं शौचमिन्द्रिय निग्रहः
दानं दया दमः क्षान्तिः सर्वेषां धर्म साधनम्

અહિંસા સિવાય બીજા અનેક ધર્મો છે છતાં ઋષિઓ અહિંસાને શ્રેષ્ઠ શા માટે ગણે છે?

ઉત્તર—જેમ ભાનુના તેજ આગળ તારા ઝંખવાઈ જાય છે, તેમ અહિંસા આગળ બીજા બધા ધર્મો હારી જાય છે. પારસમણિ જેમ લોહને કાંચન બનાવી દે છે, તેમ અહિંસા મનુષ્યને અચળ પદની પ્રાપ્તિ કરાવી આપે છે, ગ્રીષ્મ ઋતુના તાપથી તપી ગયેલાને જેમ નદી શાંતિ આપે છે, તેમ અહિંસા અતિ ઉત્તમ ફળ આપે છે. વાયુ જેમ તૃણને ઉડાવી દે છે, તેમ અહિંસા દુઃખ માત્રને બાળી નાંખે છે. કડુ ઔષધ જેમ જ્વરને દૂર કરે છે તેમ અહિંસા રોગને ધસેડી જાય છે. જેમ સાગરમાં સર્વ નદી સમાઈ

જાય છે, તેમ અહિંસામાં બીજા બધા ધર્મો સમાઇ જાય છે. ચંદનમાં જેમ શીતલતા છે, તેમ અહિંસામાં અતિ ઉત્તમતા રહેલી છે. જેમ હાથીના પગલામાં બીજા બધા પ્રાણીનાં પગલાં સમાઇ જાય છે, તેમ સત્ય અસ્તેય, ધૃતિ, ક્ષમા, શમ, દમ, શૌચ વગેરે સર્વ ધર્મો, અહિંસામાં સમાઈ જાય છે, મહાભારતમાં પણ એમજ કહ્યું છે.

यथा नाग पदेऽन्यानि पदानि पद गामिनां
सर्वाण्येवाऽपि धीयन्ते पद् गातानि कौञ्जरं
एवं सर्व महिंसायां धर्मार्थ मपि धीयते

વિદ્વાનો કહે છે કે જરાયુજ, સ્વેદજ, અંડજ, તથા ઉદ્‌ભિજ્જ એ ચાર પ્રકારના જીવોને શરીર મન તથા વાણીથી પીડા ના આપવી એનું નામજ અહિંસા છે. કહો એથી બીજો કયો ધર્મ શ્રેષ્ઠ છે? ઋષિ મુનિઓએ જે જે લખ્યું છે તે તે સત્યજ છે. માત્ર શ્રદ્ધાનીજ ન્યૂનતા છે. આપ્ત પુરૂષનું લખવું અશક્ય હોઇ શકેજ નહિ. અહિંસા વડે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચારે પુરૂષાર્થની પ્રાપ્તિ થાય છે. સૂર્યના અસ્ત થયા પછી જેમ અંધકારજ ફેલાઇ રહે છે, તેમ અહિંસાના નાશથી કેવળ દુઃખજ વ્યાપી રહે છે. રાજા વિના જેમ રાજ્યની પાયમાલી થઇ જાય છે તેમ અહિંસા વિના બીજા ધર્મોની પાયમાલી થાય

થાય છે. તેથીજ ભગવતિ શ્રુતિ આજ્ઞા કરે છે કે नहिंस्यात् सर्वभूतानि.

પ્રશ્ન—અહિંસા ધર્મની તમે આટલી બધી પ્રશંસા કરો છો ત્યારે બધા એ ધર્મને કેમ પાળતા નથી ? જુઓ! દરરોજ હજારો જીવોની હિંસા થાય છે.

ઉત્તર—જેઓ વિના અપરાધે બિચારાં પ્રાણીને મારે છે તેમને મહાદુઃખની પ્રાપ્તિ થાય છે.

મનુ મહારાજ કહે છે કે—

यावन्ति पशुरोमाणि तावत्कृत्वोह मारणम्
वृथा पशुघ्नः प्राप्नोति प्रेत्य जन्मनि जन्मनि

જે મનુષ્ય વિના અપરાધે, પશુઓને મારે છે તે મનુષ્ય પશુના શરીર ઉપર જેટલાં રૂવાટાં હોય છે તેટલી વાર મૃત્યુ પામ્યા પછી જન્મ ધરીને પ્રત્યેક જન્મમાં તે પશુથી મૃત્યુ પામે છે. એક કસાઈ હતો તેનું નામ સધનો હતું. તે એક દિવસે એક બકરાના અંડકોશ કાપવા બેઠો. આથી બકરો ખડખડ હસી પડયો. તેથી સધનાએ અતિ આશ્ચર્ય પામી પૂછયું કે અલ્યા બકરા તું શા માટે હસે છે ? બકરો બોલ્યો ભાઈ તારા અને મારા અનેક જન્મો વીતિ ગયા છે. એક જન્મે હું બકરો હતો, ને તું કસાઈ

હતો તેં મારી ગરદનપર છરી ચલાવી હતી. એક જન્મે હું કસાઇ ને તું બકરો હતો મેં તારી ગરદનપર છરી ચલાવી હતી. આમ ઘણા જન્મથી આપણા વચ્ચે વૈર ચાલતું આવે છે. આજે તું મારા અંડકોશ કાપવા બેઠો, તેથી આવતે જન્મે એવી રીતેજ હું તારા અંડકોશને કાપીશ તેથી હું હસું છું. આ સાંભળી સઘના કસાઇએ તે દિવસથી હત્યા કરવી મૂકી દીધી. પશુને મરતી વેળા જે દુઃખ થાય છે, તેનું જરા ભાન થાય તો પછી કોઇ હત્યા કરે નહિ. અનુભવ વિના કદી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. એક વખતે એક રાજપુત્રે પોતાના પ્રધાનને પૂછ્યું કે પ્રધાનજી દુઃખ એ શી વસ્તુ છે તે મને બતાવો. પ્રધાને વિચાર કીધો કે આ રાજપુત્ર સુખમાં ને સુખમાં ઉછર્યો છે. એણે સ્વપ્ને પણ દુઃખ દીઠું નથી. હમણાં એને હું ગમે તેટલું કહીશ, પરંતુ અનુભવ વિના એ કદી સમજી શકશે નહિ, આમ વિચાર કરી પ્રધાને જવાબ દીધો કે મહારાજ થોડા દિવસ પછી આપના પ્રશ્નનો ઉત્તર આપીશ. હવે ત્યાર પછી એક દિવસ રાજપુત્ર થોડા યોદ્ધા લઇ શિકાર કરવા એક અરણ્યમાં ગયો ત્યાં પ્રધાન પણ સાથે હતો. રાજપુત્રે દૂરથી એક મૃગને દીઠો. તરતજ ધનુષ ચઢાવી બાણ માર્યું તે મૃગને લાગ્યું નહિં પણ તે મૃગ દોડી

ગયો. રાજપુત્રે પણ પોતાના ઘોડાને મૃગની પાછળ દોડાવ્યો. મૃગ એક ઝાડીમાં ભરાઈ ગયો. રાજપુત્રે બહુ શોધ્યો, પણ તે જડયો નહિ. યોદ્ધાઓ પાછળ પડી ગયા હતા. તે રાજપુત્રને થાક અને તાપને લીધે અતિશય તૃષા લાગી હતી. તે સ્થળ બહુજ ભયંકર હતું. ત્યાં બાવળના વૃક્ષો પુષ્કળ હતા. ગુફામાં વાઘો બરાડા પાડયા કરતા હતા. રાફડામાં સર્પોના ફુત્કાર સંભળાતા હતા. રાજપુત્ર એ ભયાનક જંગલમાં પાણી માટે આમ તેમ ફાંફાં મારવા લાગ્યો. થોડી વારમાં પ્રધાન ત્યાં ઘોડો દોડાવતો આવી પહોંચ્યો, તેને જોઇ રાજપુત્ર કહેવા લાગ્યો કે પ્રધાનજી મારો કંઠ સુકાઇ જાય છે, માટે એકદમ પાણી લાવો. જો પાણી નહિ મળે તો મારો પ્રાણ જતો રહેશે. પ્રધાને કહ્યું રાજપુત્ર ડરો નહિ ગમે ત્યાંથી હું પાણી શોધી લાવું છું. એમ કહી પ્રધાન થોડે દૂર ગયો ત્યાં છેટે એક ખાડો જણાયો તેમાં પાણી હતું, પરંતુ તેમાં અનેક પશુઓ મૂતરી ગયાં હતાં તેમજ વિષ્ઠા નાંખી ગયાં હતાં તેથી પ્રધાન ઉતાવળથી રાજપુત્ર પાસે આવ્યો અને કહ્યું મહારાજ પાણી તો છે પરંતુ તે અતિ મલિન છે તેમાં પશુઓ મૂતરી ગયાં છે તથા વિષ્ઠા નાંખી ગયાં છે, માટે આપની આજ્ઞા હોય તો તેવું પાણી લઇ આવું. રાજપુત્રે કહ્યું ગમે તેવું

પાણી હોય પણ તે લઇ આવો. પ્રધાન તરતજ એક દડીઓ બનાવી પાણી લઇ આવ્યો અને રાજપુત્રને પાયું. રાજપુત્રને આથી જરા શાંતિ વળી. પછી કહેવા લાગ્યો કે પ્રધાનજી મને ભુખ ઘણી લાગી છે. માટે કાંઇ ખાવાનું લાવો. પ્રધાન ગયો ને થોડીવારે કેટલાંક બગડી ગયેલાં ફળો લાવ્યો, ને રાજપુત્રને કહ્યું કે મહારાજ મહા મહેનતે આવાં બગડી ગયેલાં ફળો લાવ્યું છું અત્રે બીજું કાંઇ મળે એમ નથી. રાજપુત્રને ઘણી ભૂખ લાગી હતી તેથી પેલાં બગડી ગયેલાં ફળો પણ ખાઇ ગયો. પ્રધાને વિચાર્યું કે હવે પેલા પ્રશ્નનો ઉત્તર આપવાનો વખત ઠીક આવ્યો છે તેથી તે બોલ્યો કે મહારાજ દુઃખ એ શી વસ્તુ છે તે હવે તમને જણાયું? રાજપુત્ર એકદમ બોલી ઉઠયો બરોબર જણાયું. અરે! હું મખમલની તળાઇ ઉપર શયન કરનાર રાજપુત્ર તે આજે કાંટા તથા કાંકરાવાળા જંગલમાં પડયો છું. જ્યાં પાણી માગતો ત્યાં દૂધ હાજર થતું તેને બદલે આજે આવું ગંધાતું પાણી પીવું પડયું. જરા ખાવાનું માગતો તો પકવાન્ન વગેરે હાજર થતાં તેને બદલે આવાં બગડેલાં ફળો ખાવાં પડયાં, રાજપુત્રના પર દુઃખ પડયું ત્યારેજ તેણે જાણ્યું કે દુઃખ એ શો પદાર્થ છે. પરમેશ્વરની આજ્ઞા છે કે તમે પ્રાણીઓની રક્ષા કરો. જુઓ યજુર્વેદ શું કહે છે?

૪૨૭૫

खड्‌गो वैश्व देवः श्वा कृष्णः कर्णो गर्दभस्तरक्षुस्ते रक्षसामिन्द्रायसूकरः

આ વેદ મંત્રમાં ગેંડા, કુતરા, ગધેડા, સૂકર એ જીવોના રક્ષણનું વર્ણન છે.

वर्षाहू ऋतूनामाखुः कपोत उलूक.

આ મંત્રમાં કપાત-ખુવડ વગેરે જીવોના રક્ષણનું વર્ણન છે.

आरण्योऽज्जोनकुल्न્ આ મંત્રમાં જંગલમાં રહેનાર નોળીઆ આદિની રક્ષા લખી છે. પરમાત્માની વાણીજ જ્યારે આપણને આવી આજ્ઞા કરે છે ત્યારે તે આજ્ઞાનુ ઉલ્લંઘન કરનાર કેટલા દોષિત થાય છે. તેનો તમેજ વિચાર કરો. રાજાએ ઘડેલા કાયદાનું જો આપણે ઉલ્લંઘન કરીએ તો આપણે જરૂર ગુન્હેગાર ગણાઇએ, તેમ પરમાત્માની આજ્ઞાનું જો આપણે ઉલ્લંઘન કરીએ તો આપણે જરૂર પરમાત્માના ગુન્હેગાર ગણાઇએ. જે મૂર્ખ ઇશ્વરની આજ્ઞા માનતો નથી તે વારંવાર જન્મ મરણના ફેરાનાં પડી દુઃખાનુભવ કરે છે.

પ્રશ્ન. જે અહિંસા ધર્મ પાળે છે, તેને શો લાભ થાય છે? અહિંસા ધર્મ પાળનારનાં લક્ષણો કેવાં હોય છે?

ઉત્તર. મહર્ષિ પતંજલિ કહે છે કે अहिंसा प्रतिष्ठायां

तत्सन्निधौ वैर त्यागः અહિંસાની સ્થિરતા થવાથી યોગીની પાસે હિંસક સ્વભાવનાં પ્રાણીઓ પણ પોતાના વૈરનો ત્યાગ કરે છે. એવા યોગીની પાસે રહેનાર નકુલ અને સર્પ, માર્જાર અને મૂષક, શકરો અને કીર, કેસરી અને શૃંગાલ, વ્યાઘ્ર અને અજ સ્વાભાવિક વૈરનો ત્યાગ કરે છે. શુદ્ધ અહિંસાનું સેવન કરવાથી યોગીનું અંતઃકરણ કેવલ સાત્વિક બની ગયેલું હોય છે, અને તેથી તેના અંતઃકરણમાંથી ઉત્પન્ન થતી શુદ્ધ વૃત્તિ, હિંસ્ર પ્રાણીઓના હૃદયમાં પ્રવેશ કરે છે તેથી તેઓ પણ કેવળ સાત્વિક બની જાય છે. જ્યાં પર્યંત કામ, ક્રોધ, લોભ મોહ વગેરે કારણો હોય છે ત્યાં પર્યંતજ હિંસા થાય છે. રજોગુણ પ્રવૃત્તિ માર્ગમાં ધસડી જાય છે અને તે મનુષ્યને મોટા કષ્ટના સાગરમાં ઉંચકી ફેંકી દે છે. શ્રી કૃષ્ણ પરમાત્મા ગીતામાં કહે છે કે;

रजो रागात्मकं विधि तृष्णा संग समुद्भवम्
तन्निबन्धाति कौंतेय कर्मसंगेन देहिनम्

હે કૌન્તેય ! જે વડે તૃષ્ણા તથા સંગની ઉત્પત્તિ થાય છે એવા રજોગુણને તું રાગ રૂપે જાણી લે. આ રજોગુણ દેહાભિમાની જીવને કર્મના સંગે કરી બાંધી લે

છે. જ્યારે રજોગુણ પ્રબલ થાય છે ત્યારે તે સત્વગુણ અને તમોગુણને દબાવી દે છે. જ્યાં સૂધી અંતઃકરણમાં રાજસી તથા તામસી દ્રવ્ય હોય છે ત્યાં સૂધી અહિંસા ધર્મ કદી પણ પાળી શકતો નથી. ગુણ એટલે દોરી જેમ પુરૂષને બાંધી લે છે, તેમ રજોગુણ તથા તમોગુણ મનુષ્યને મજબૂત બાંધી લે છે. જ્યાં સૂધી અંતઃકરણ મલિન હોય છે ત્યાં સૂધી આપણું પ્રતિબિંબ પડી શકતું નથી. તેમ જ્યાં સુધી અંતઃકરણમાં રાજસી તથા તામસી દ્રવ્ય હોય છે ત્યાં સૂધી અત્યુત્તમ જે અહિંસા ધર્મ તે કદી પણ સિદ્ધ થતો નથી. જેમ સૂર્યના ઉદયથી અંધકાર આપોઆપ પલાયન કરી જાય છે, તેમ સત્વગુણના ઉદયથી રજોગુણ અને તમોગુણ એવા તો ભાગે છે કે શોધ્યા છતાં પણ તેઓનો પત્તો લાગતો નથી. જે મહાત્માએ સત્વગુણથી કામ, ક્રોધ, તથા લોભને દબાવી દીધા હોય છે તે મહાત્માની આગળ આવી જંગલી હાથી પણ નમી પડે છે, બીજાં ક્રૂર પ્રાણીઓ પણ અત્યંત નરમ પડી જાય છે. મેઘવૃષ્ટિ જેમ ક્ષેત્રને તર કરી નાંખે છે, તેમ આવા મહાત્માના શુભ વિચારથી પશુ પક્ષીઓમાં પણ સત્વગુણ પ્રવેશ કરે છે. સત્વગુણના પ્રવેશથી તરતજ રજોગુણ તથા તમોગુણ નાશ પામી જાય છે. અહિંસા ધર્મ પાળવાથી એવું તો બલ

પ્રાપ્ત થાય છે કે તેનું વર્ણન શેષ નાગ પણ કરી શકતો નથી. જેમ જ્યાં પ્રકાશ છે ત્યાં અંધકાર નથી તેમ જ્યાં અહિંસા છે ત્યાં અધર્મ કદી પણ આવી શકતો નથી. ઇતિહાસ પુરાણ વગેરેમાં અહિંસાની શ્રેષ્ઠતા આપણને કેટલી બધી મળી આવે છે ? હવે અહિંસા ધર્મ પાળનારનાં લક્ષણો સાંભળો. અહિંસા ધર્મ પાળનાર સુખ અને દુઃખને, હર્ષ અને શોકને, ટાઢ અને તાપને, લોષ્ટ અને કાંચનને સમાન ગણે છે. મોટી મોટી આપત્તિથી તે કદી મુંઝાતો નથી, તેમજ ચક્રવર્તિ પણું પ્રાપ્ત થવાથી તે રાજી પણ થતો નથી. તેના મુખનું તેજ એટલું બધું તો હોય છે કે ભાનુ અને વિદ્યુત પણ તેથી હારી જાય છે તો પછી ભૌતિક અગ્નિનું શું ગજું છે? પ્રશ્ન પૂછનારના મનનું તે એવી તો ઉત્તમ રીતે સમાધાન કરે છે કે સામાના હૃદયમાં અત્યાનંદની પ્રાપ્તિ થાય છે. કદી કોઇ અપમાન કરે તો તેને કદી પણ ખિન્નતા પ્રાપ્ત થતી નથી તેમજ કદી કોઇ માન આપે તો તે આનંદના સાગરમાં ડુબી જતો નથી. તેનું હૃદય નવનિતવત કોમલ હોય છે, અને તેથી સ્વભાવિક રીતેજ મનુષ્યને તેનાપર પ્રેમ ઉત્પન્ન થાય છે. અજ્ઞાની મનુષ્યની માફક તેને કદી પણ ક્રોધ આવતો નથી. પરંતુ તેનું મુખ નિરંતર હસતું રહે છે. વસંત ઋતુને દેખી વૃક્ષ જેમ

નવપલ્લવ થાય છે, તેમ આવા મહાત્માને દેખી જન સમૂહ પ્રફુલ્લિત થાય છે. સ્વાતિ બુંદથી જેમ ચાતકને તથા ચન્દ્રથી જેમ ચકોરને આનંદ થાય છે તેમ એવા મહાત્માથી લોકો આનંદિત થાય છે. સાક્ષાત્ બ્રહ્મા કવિ થાય શુક્રાચાર્ય કવિ થાય, કિંવા સરસ્વતિ જાતે વર્ણન કરવા બેસે પરંતુ એવા મહાત્માની દયાનું વર્ણન કરી શકે નહીં. એવો મહાત્મા કદી અરણ્યમાંથી જતો હોય અને સામો વાઘ મળે તો તે તરત નરમ પડી સ્તગની માફક ગેલ કરે છે. મહા ઝેરી નાગ માર્ગમાં પડયો હોય તે બધાને કરડતો હોય પરંતુ એવા મહાત્માને જોઇ તે નરમ માખણ જેવો થઇ પોતાની ફેણ નીચી નમાવે છે. કોઇ વરૂ બકરૂં ઉપાડી જતું હોય ને વખત જો તે એવા મહાત્માને દેખે છે તો તરતજ બકરૂં છોડી દઇ એવા મહાત્માના ચરણ કમળમાં પોતાનું મસ્તક નમાવે છે. કદી કેસરી મૃગને ઉપાડી ચાલ્યો જતો હોય, તે વખતે જો એવા મહાત્માને દેખે તો તરતજ મૃગનો ત્યાગ કરી જાણે ક્ષમા માંગતો હોય એમ જણાય છે. સૌદાસ રાજાને વસિષ્ઠ મુનિએ શાપ આપ્યો તેથી તે પણ સામો શાપ દેવા તૈયાર થયો, પરંતુ તેની રાણી મદયંતિએ તેને અટકાવ્યો. પછી તે રાજાએ દિશાઓ, આકાશ, પૃથ્વી

તથા સર્વ જગત્‌ને જીવમય જોઈ શાપના તે પાણીને પોતાના પગપર નાંખ્યું તેથી તેના પગ કાળા થઈ ગયા, અને જગત્‌માં તે કલ્માષપાદ કહેવાયો. આનું નામજ જીવ દયા છે અને એવી જીવ દયા મહાત્મામાં નિરંતર નિવાસ કરી રહે છે. જેમ પુષ્પમાં સુગંધ, દેવમાં વિદ્વત્તા, ચંદ્રમાં અમૃત, પૃથ્વીમાં ક્ષમા, અગ્નિમાં ઉષ્ણતા તથા પર્વતમાં કાઠિન્ય સ્વાભાવિક રીતેજ હોય છે, તેમ એવા મહાત્મામાં દયા સ્વાભાવિક રીતેજ રહેલી હોય છે. અહિંસાનું સેવન પરમ શોકને છેદી નાંખે છે. દુઃખ રૂપી અગ્નિને ઉડાવી દે છે. સુખના શિખરપર બેસાડે છે તથા પરમપદ પ્રાપ્ત કરાવે છે. ઋષિ મહર્ષિઓ અહિંસાનું સેવન કરી શાશ્વત સુખના ભોક્તા થયા છે. તસ્માત્ આર્યબંધુઓને મારી નમ્ર વિનંતિ છે કે જેમ બને તેમ અહિંસા ધર્મ પાળવો તથા પળાવવો.

શ્રાવક ભાઈઓને મારી નમ્ર વિનંતિ છે કે, તેઓએ વકીલ બારીસ્ટરમાં પૈસાનો ઉપયોગ ના કરતાં મુગા પ્રાણીઓનું રક્ષણ કરવામાં બહોળે હાથે વાપરવો દ્વેષથી મહા હાનિ થાય છે. માટે સમભાવ રાખવો એજ શ્રેયસ્કર છે. વળી હાલ જે ગૃહસ્થો તરફથી આંધળા લુલા લગડાં બહેરાં અપંગ મનુષ્યોને માટે જે અનાથાશ્રમ ખોલવામા આવ્યો છે ને આશ્રમને બનતી મદદ કરવી તથા કરાવવી. એ તે ધર્મજ સાથે આવે છે.

અનાથાશ્રમ.

રામપરાને નાકે, સુરત.

આ આશ્રમ સાર્વજનિક છે અને આખા ગુજરાત પ્રાંતને માટે ગુજરાતી બોલતા અને સમજતા આંધળા, લુલા, પાંગળા અને અશક્ત માણસોને માટે સ્થાપવામાં આવ્યું છે. આ ગરીબ લોકોને આવા તાપના સમયમાં ટાઢમાં અને વરસાદમાં માગી લાવીને પુરૂં કરવાને માટે ઘણો શ્રમ વેઠવો પડે છે એ સર્વ દયાજનક ગૃહસ્થો કબુલ કર્યા વિના રહેશે નહીં. આ મહા દુઃખમાંથી આ બાપડાઓને ઉગારવા એ આપણો ધર્મ છે. તે ઉપરથી તા. ૨૦ એપ્રીલ ૧૯૧૨ અને વૈશાખ સુદ ત્રીજે અત્રેના જાણીતા પરોપકારી ઝવેરી ગૃહસ્થ શેઠ ફકીરચંદ નગીનચંદ કપુરચંદના પ્રમુખપણા નીચે એ આશ્રમ સ્થાપવામાં આવ્યું છે. જેમ જેમ જાણ પડશે તેમ તેમ એ આશ્રમનો ઉપયોગ ઘણો થવાનો સંભવ છે. દરેક વાતે મનુષ્યે જીંદગી જે રીતે ગુજારવી જોઈએ તેવાં સઘળાં સાધન એ બાપડાં-ઓને પુરાં પાડવામાં આવશે અને જાણે પોતાનાજ ઘરમાં વસેલાં છે એવું એ લોકોને ભાન કરાવવામાં આવશે અને દુઃખમાંથી નીકળી સુખમાં આવ્યાથી ઈશ્વરનું નામ લઈ શકવાને ભાગ્યશાળી થશે, તો આવતો ભવ સુધરવાનો સંભવ છે. માટે આગ્રહ પૂર્વક વિનંતી કરવાની કે દરેક ધાર્મિક ગૃહસ્થ તથા બહેનો આ કામ પોતાનું સમજી અને આપણે મનુષ્યો એકજ ઈશ્વરના પિતાના બચ્ચાં છીએ અને ઈશ્વર કુટુંબી છીએ એમ સમજી જે પોતાથી બની શકે એવો આશરો આપવા ચુકશો નહિ.

એ ખાતાનો ત્રિમાસિક હીસાબ છપાશે અને મદદ કરેન ગૃહસ્થોમાં વહેંચવામાં આવશે.

આ ખાતાને દરેક પ્રકારની મદદ મળે તે મેળવવા માટે ગે કાળીદાસ પુંજાભાઈને નીમ્યા છે. માટે તેઓની પાસેથી જો રસીદ લઇ બનતી મદદ આપવી અને તે એ ખાતાને પુગશે આપનારના નામ ત્રીમાસીક હીસાબમાં છપાશે અને પાંચ સુરત તથા દેશાવર ખાતાના ન્યુસપેપર દ્વારે સ્વીકારવામા આવ

જે ગૃહસ્થને કોઇપણ જાતની ભેટ આપવી હોય કે તે ગૃહસ્થે સેક્રેટરી સાહેબ ડા. ડી. જે. એદલબેહરામને નામે મોકલવા કૃપા કરવી.

લી૦ સેવકો

રા. રા. ચુનીભાઇ ડાહ્યાભાઈ વખારવાળા.

ડી. જી. એદલબેહરામ.